એક હાર્લી ડેવિડસન મોટરસાઇકલ ૧૨૦ની સ્પીડે સડસડાટ દોડી રહી હતી. ઊબડખાબડ રસ્તાઓમાંથી, જંગલોમાંથી વૃક્ષોની વચ્ચેથી રસ્તો કરતી કાચાપાકા રસ્તા પર... એક છોકરો હેલ્મેટ પહેરીને અધ્ધર શ્વાસે મોટરસાઇકલ ભગાવી રહ્યો હતો. એને ચસોચસ પકડીને બેઠેલી છોકરી વારંવાર પાછળ જોતી હતી. આરસપહાણમાંથી કોતરી કાઢેલી મૂર્તિ જેવો એનો ચહેરો અત્યારે મેલો અને થાકેલો હોવા છતાં એની બેદાગ ત્વચા અને બેનમૂન સુંદરતા છાની રહી શકે એમ નહોતી. એના કાનમાં પહેરેલા ઝગારા મારતા સોલિટેર અને હાથની ચાર આંગળીઓમાં પહેરેલી હીરા–પન્નાની વીંટીઓ કહી આપતી હતી કે એ શ્રીમંત પરિવારની દીકરી હતી. આગળ મોટરસાઇકલ ચલાવી રહેલા છોકરાનું કસરતી શરીર, એની ઊંચાઈને કારણે એ હાર્લી ડેવિડસન જેવી મોટરસાઇકલ પર શોભતો હતો. એણે પહેરેલું 'લી'નું ઑલિવગ્રીન શર્ટ એના ખુલ્લાં બટનને કારણે પાછળની તરફ ઉડતું હતું. એની અંદરનું કેમોફ્લાજ 'ટી' એના શરીર-છાતી અને કમરને સુપર્બ વી શેઈપ આપી રહ્યું હતું. એના શર્ટની ફોલ્ડેડ સ્લીવ્સમાંથી છોકરાના મજબૂત હાથ અને મોટરસાઇકલ પરની પકડ એટલું સાબિત કરતા હતા કે એ કોઈ કાચોપોચો કે ડરપોક છોકરો નહોતો. એની કમરની આસપાસ હાથ વીંટાળીને બેઠેલી છોકરીએ જે રીતે એના ખભે માથું મૂક્યું હતું એના પરથી છોકરીનો આ મોટરસાઇકલ રાઇડર પરનો વિશ્વાસ સમજવામાં કોઈ સમસ્યા નહોતી. છોકરીના હાથ લાંબા અને આંગળીઓ કોમળ હતી. એણે એના લાંબા વાળ ભેગા કરીને એક બનની જેમ ઉપર બાંધી દીધા હતા. મોટરસાઇકલની સ્પીડ અને વિંઝાતી હવાને કારણે એના બાંધેલા વાળમાંથી નીકળી ગયેલી લટો એના ચહેરા પર લપેટાતી, વિંઝાતી, હવામાં ઉડતી ને ફરી પાછી એના ચહેરા પર પછડાતી હતી. એ છોકરીનો ચહેરો પરસેવે રેબઝેબ હતો, આંખોમાં ભય અને આંસુ બંને હતાં...

સડસડાટ દોડતી મોટરસાઇકલ અચાનક લપસી, બંને જણાં પહેલાં પછડાયાં અને પછી ઘસડાયાં. જો કે, છોકરાએ છોકરીનો હાથ મજબૂત રીતે પકડી રાખ્યો હતો. સ્પાર્ક છોડતી, ઘરઘરાટી કરતી મોટરસાઇકલ અને સાથે ઢસડાતાં બંને જણાં...

■

અનિશા ચીસ પાડીને બેઠી થઈ ગઈ. એનો સુંદર ચહેરો પરસેવાની બુંદને કારણે ચમકતો હતો. એની માછલી જેવી કાળી લાંબી આંખો ભયથી વિસ્ફારિત હતી. એણે આજુબાજુ જોયું. એ પોતાના સગવડભર્યા બેડરૂમમાં સુરક્ષિત સૂતી હતી. બાજુમાં માટીનો કૂંજો હતો. નાનકડા કૉસ્ટર ઉપર ચાંદીનો ગ્લાસ ઊંધો મૂક્યો હતો. ઍરકંડિશનરની કમ્ફર્ટેબલ ઠંડક ઓરડામાં ફેલાયેલી હતી. ઑફ વ્હાઇટ પારદર્શક શિમર ઉપર ગુલાબી ફૂલોવાળા પડદા મોટી ફ્રેન્ચ વિન્ડોઝને ઢાંકીને હળવાહળવા ધ્રૂજી રહ્યા હતા. વિશાળ બંગલાની બહાર કંપાઉન્ડ લાઇટ્સનું આછું અજવાળું શિમરના પડદાને વીંધીને ઓરડામાં વિખરાયેલું હતું. અનિશાએ ઊંડો શ્વાસ લીધો. બાજુમાં પડેલા વૅટ વાઇપ્સના બૉક્સમાંથી એક નૅપ્કિન ખેંચીને પોતાનો ચહેરો લૂછ્યો.

અનિશાના ચહેરા પર એક સ્મિત અને થોડું આશ્ચર્ય ફરી એક વાર ધસી આવ્યું. તો, આ સ્વપ્નું હતું! અનિશાએ આ સ્વપ્નું કંઈ પહેલી વાર નહોતું જોયું. આ જ સ્વપ્નું, આવી જ રીતે લગભગ

દર અઠવાડિયે એકાદ વખત અનિશાની ઊંઘ ઊડાડી દેતું. પલંગમાં બેઠેલી અનિશા ફરી એક વાર વિચારવા લાગી, નંદલાલ ધરમશીની એકની એક પૌત્રી અનિશા જંગલોમાં, મોટરસાઇકલ પર ક્યાં ભાગી શકે? ને શું કામ? એણે ભાગવાની જરૂર જ શું પડે?

પોતે જ્યાં રહેતી હતી એ, 'અનિશા' નામનો આ બંગલો, વિલા કે મહેલ, રાજકોટના અમીન માર્ગ, કાલાવડ રોડ પરનો સૌથી મોટો અને સૌથી વૈભવી બંગલો હતો. બાર બેડરૂમની વિશાળ વિલામાં અનિશાનો રૂમ સૌથી સુંદર અને સૌથી મોટો હતો. પરિવારમાં સૌની લાડકી હતી એ. નંદલાલ ધરમશી મહેતા માટે તો આ છોકરી દાદાનો શ્વાસ અને પ્રાણ હતી. એના મોઢામાંથી નીકળેલી કોઈ વાત પાછી ઠેલવાની, એને કોઈ વાતમાં ના પાડવાની, એને વઢવાની કે એની સાથે ઊંચા અવાજે બોલવાની હિંમત છોકરીના મા-બાપ, મેહુલ ધરમશી કે શ્રીલેખા ધરમશી, એના કાકા-કાકી, અતુલ ધરમશી અને રાધિકા ધરમશીમાંથી કોઈ કરી શકતું નહીં, કારણ કે અનિશાને દાદાજીનું પ્રૉટેક્શન મળ્યું હતું. દોઢસો વર્ષ પછી નંદલાલ ધરમશીના પરિવારમાં પુત્રીનો જન્મ થયો હતો. વચલા દીકરા અતુલ ધરમશીના બે દીકરા કૌશલ અને કરણ. આમ, આ છોકરીના મોટા ભાઈઓ, સામાન્ય રીતે ઘરમાં દીકરો વધુ વહાલો અને વધુ મહત્ત્વનો હોય. વારસદાર પણ ગણાય, તેમ છતાં દાદાજી માટે ઘરમાં અનિશાથી વહાલું બીજું કોઈ સંતાન નહોતું. એનું કારણ એવું કે ચાર પેઢી પછી દીકરી જન્મી હતી નંદલાલ ધરમશીને ત્યાં! મોટા દીકરા મેહુલને ત્યાં એના લગ્ન પછી સાત વર્ષ સુધી ઘોડિયું બંધાયું નહીં. એની પત્ની શ્રીલેખાએ કોઈ બાધા, કોઈ આખડી, કોઈ સ્વામી કે કોઈ હૉસ્પિટલ બાકી નહોતાં રાખ્યાં. વચલા દીકરા અતુલને ત્યાં જોડિયા પુત્રો જન્મ્યા, તેમ છતાં હજી મોટી વહુ શ્રીલેખાની માતૃત્વની પ્રાર્થના ઈશ્વરે સાંભળી નહોતી.

નંદલાલભાઈના પરિવારના ગુરુ ગણો કે વડીલ, પણ એક એવી વ્યક્તિ આ સાધુને લઈને આવી હતી જેના જ્ઞાન અને પ્રતાપ પર ધરમશી પરિવારને અખૂટ શ્રદ્ધા હતી. ધરમશી પરિવારમાં દીકરીની ખોટ હતી. સૌથી મોટા દીકરા મેહુલને ત્યાં સંતાન નહોતું. દેવદેવલાં અને બાધાઆખડી પછી પણ જ્યારે શ્રીલેખાબેનનો ખોળો ભરાયો નહીં ત્યારે નંદલાલભાઈ ગિરિજાપતિજી પાસે ગયા.

એક જમાનામાં આખા પંથકમાં જેનો ધાક હતો એવો આ માણસ આજે સાધુ જેવું સાદું જીવન જીવતો હતો. એ ભગવા નહોતા પહેરતા, પણ એમનું મન ભીતરથી ગેરુઆ રંગે રંગાઈ ચૂક્યું હતું, પોરબંદરથી ૩૦ કિલોમીટર દૂર ગાંડવી ગામ પાસે હર્ષદની નજીક એમણે પોતાની નાનકડી જમીનમાં એક નાનકડી મઢુલી અને એક દેરી બાંધીને પોતાની બધી માયા છોડીને ત્યાં ગોઠવાઈ જવાનું નક્કી કર્યું હતું. એક શિવલિંગ, ચાર જોડી કપડાં અને એક માણસને રસોઈ કરીને ખાવા માટે જોઈએ એટલાં વાસણ અને સામાન સાથે ગિરિજાપતિજી નિરાંતની જિંદગી જીવતા હતા. એ તરફ આવતા સાધુ-સંતોને માટે એમની મઢુલી અને ઓટલો જાણે કે ઈશ્વરનો દરબાર બની રહેતો.

રાજકોટથી નીકળીને ગાડી હર્ષદના રસ્તે વળી. મૂળ હરસિધ્ધિ માતા, પરંતુ ધીમે ધીમે અપભ્રંશ થતા હર્ષદના નામે ઓળખાતી એ શક્તિપીઠ કેટલાય લોકોની કુળદેવી છે. પોરબંદરથી હર્ષદ – જ્યાં મંદિર છે, એ ગાંડવી ગામ ૩૦ કિલોમીટર દૂર છે.

રાજકોટથી હર્ષદ સુધી મેહુલ અને નંદલાલભાઈ એકબીજા સાથે એક શબ્દ બોલ્યા નહોતા. બંને જણાં જાણે પોતપોતાનો ભાર ઉપાડીને પોતપોતાની ઝંખનાને એક એવા દરબારમાં લઈને જઈ રહ્યા હતા જ્યાં એમની માગણી જરૂર કબૂલ થશે એવી બંનેને શ્રદ્ધા હતી.

ગામની બહાર  ગાડી પાર્ક કરી દીધી. ગામની અંદર દાખલ થઈને ગલીઓ, મહોલ્લા વટાવતા ગામને છેક છેવાડે આવેલા એક નાનકડા મઠ જેવા મંદિર ઉપર ફરકતી ધજા જોઈને નંદલાલભાઈએ બે હાથ જોડીને, આંખો મીચીને પ્રણામ કર્યા. મેહુલભાઈએ પણ એ ધજાને પ્રણામ કર્યા. બંને જણાં નાનકડો વાંસનો ઝાંપો ખોલીને એક સ્વચ્છ કમ્પાઉન્ડમાં પ્રવેશ્યા. આખા કમ્પાઉન્ડમાં લીમડા, સરગવો, જાંબુ અને ગરમાળાનાં વૃક્ષો ઉગાડેલાં હતાં. આટલી બપોરે પણ આખા કમ્પાઉન્ડમાં છાંયડો હતો. કમ્પાઉન્ડને છેક છેવાડે એક નાનકડી મઢુલી, અને બીજી તરફ એક સાવ નાની દેરી કહી શકાય એવું મંદિર હતું. નાનકડો ઓટલો. એના પર ગોઠવાયેલા કાળા પથ્થરના નંદીને પસાર કરીને નંદલાલભાઈએ ઘંટ વગાડ્યો. મંદિરને દરવાજા નહોતા. બે પગથિયા ઉતરીને ગર્ભગૃહમાં એક કાળું શિવલિંગ હતું. એના ઉપર ચાંદીનો નાગ હતો અને ઉપર લગાડેલી ચાંદીની ગળતીમાંથી સુગંધી જળ નાગના માથા પર થઈને શિવલિંગ પર ટપકી રહ્યું હતું. આખા મંદિરમાં કેવડા અને ચંદનની સુગંધ ફેલાયેલી હતી. એક નાનકડો દીપ પ્રજ્જ્વલિત હતો. શિવલિંગની પાછળ વિશાળ મૂર્તિ હતી. અષ્ટભૂજાધારી, સિંહ પર બેઠેલી જગતજનનીની એ મૂર્તિ અત્યંત વિલક્ષણ હતી. શિવલિંગ કરતા મૂર્તિ ત્રણ-ચાર ગણી મોટી હતી. શિવલિંગની જમણી તરફ કાલી અને ડાબી તરફ ગંગાની મૂર્તિ હતી. આ કોઈ જુદા જ પ્રકારનું શિવમંદિર હતું. શિવલિંગની પાછળ માની મૂર્તિના ચહેરા પર અજબ જેવું માર્દવ હતું. એ મૂર્તિની આંખોમાંથી અત્યંત કરુણા અને માતૃત્વ ટપકતું હતું. જોનાર એકવાર જો એ મૂર્તિ તરફ જોઈ લે તો નજર ન હટાવી શકે એવું કોઈક વશીકરણ એ મૂર્તિની આંખોમાંથી રેલાતું હતું.

મંદિરની અંદર એક મજબૂત કાઠી ધરાવતા, પણ વયવૃદ્ધ વ્યક્તિ પૂજા કરી રહ્યા હતા.

એક ૬૦-૬૫ વર્ષનો માણસ. સંપૂર્ણ ધોળા લાંબા વાળ, લાંબી દાઢી સાથે પલાઠી વાળીને ટટ્ટાર બેઠેલા એ માણસનું હાડ મોટું હતું. ઊંચો-પહોળો અને મજબૂત કાઠીનો હોવા છતાં એનો ચહેરો અત્યંત મમતાપૂર્ણ અને તેજસ્વી હતો. સફેદ વાળ અને સફેદ દાઢી સાથે એ કોઈ ઋષિ જેવા દેખાતા હતા. એને જોઈને કોઈ માને નહીં કે આજના ઋષિ કે સાધુ જેવા દેખાતા ગિરિજાપતિજી કોઈ એક જમાનામાં ગુનેગારોના હાડકાં ધ્રૂજાવી નાખે એવા કડક અને રૂઆબદાર પોલીસ ઓફિસર હતા.

અત્યારે એ આંખો મીચીને શિવલિંગ પર બિલિપત્ર ચઢાવી રહ્યા હતા. એમનો ઘેરો ગંભીર “ઓમ નમઃ શિવાય”નો જાપ આખા મંદિરમાં ગૂંજી રહ્યો હતો.

મેહુલભાઈ અને નંદલાલભાઈ મંદિરમાં પ્રવેશીને થોડીવાર માટે આંખો મીચીને શાંત થવાનો પ્રયાસ કરતા બેસી રહ્યા. પૂજા કરી રહેલા ગિરિજાપતિજીની આંખો બંધ હતી. એ આંખો ખોલે ત્યાં સુધી મેહુલભાઈ અને નંદલાલભાઈએ ધીરજથી પ્રતીક્ષા કરી. કોઈ મંદિરમાં પ્રવેશ્યું છે એ જાણવા છતાં ગિરિજાપતિજીએ એમનો જાપ પૂરો થયા પછી જ આંખો ખોલી.

“અરે! નંદલાલ! તું ક્યાંથી?” ગિરિજાપતિજીના ચહેરા પર વાત્સલ્ય અને આનંદ છલકાયાં.

“માગવા આવ્યો છું.” નંદલાલભાઈએ સીધું જ કહી દીધું,“તમે તો જાણો જ છો. મારા મેહુલના પરિવારમાં શેર માટીની ખોટ છે.” ગિરિજાપતિજીની સામે હાથ જોડીને બેઠેલા  નંદલાલભાઈના ચહેરા પર કોઈ વિચિત્ર પ્રકારની જિદ્દ હતી.

“ઈશ્વર જે આપે તેને માણવું ને ન આપે એમાં એનો ઈશારો જાણીને એને સ્વીકારી લેવું.”

ગિરિજાપતિજીએ નંદલાલભાઈને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. મેહુલભાઈ નીચું જોઈ ગયા, એમની આંખોમાંથી બે આંસુ મંદિરની ભૂમિ પર ટપક્યાં.

"હું ઈશ્વરના બધા નિર્ણયને સ્વીકારી ચૂક્યો છું." નંદલાલભાઈએ આંખોમાં આંસુ સાથે કહ્યું હતું, "દીકરો આપીને મહાદેવે જ પાછો લીધો. બાપના ખભે દીકરાની લાશથી વધુ વજનદાર શું હોય? એ ઉપાડ્યું છે મેં..."

ગિરિજાપતિજી હસી પડ્યા, "સંતોષ નથી તને. ત્રણ ત્રણ દીકરા છે તો ય જે ગયો એનો અફસોસ કરે છે?" ગિરિજાપતિજીના ચહેરા પર સ્મિત હતું, "એણે આપ્યો ને એણે જ પાછો લીધો... એવું સાચે જ માનતો હોય તો ફરિયાદ શું કામ કરે છે?"

"જે ગયો એની ફરિયાદ નથી કરતો..." નંદલાલભાઈ સહેજ ઝંખવાયા. પછી એમણે ધીમેથી કહ્યું, "એક દીકરી જોઈએ... મારા મેહુલના ઘેર." ગિરિજાપતિજી સસ્મિત સાંભળી રહ્યા હતા, "જગત જનની જો સૌને છૂટા હાથે આપી શકે તો મને કેમ નહીં? તમારી વાત મા જરૂર સાંભળશે."

"એટલે જ નથી કહેતો" ગિરિજાપતિજી ફરી હસ્યા, "જે આપણી વાત સાંભળતું હોય ને એને બહુ નહીં કહેવાનું." એમણે કહ્યું. "બહુ માગીએ તો મા નારાજ થઈ જાય."

"આજે આખરી વાર માગવા આવ્યો છું. આજ પછી માગવા નહીં આવું, વચન આપું છું." ગિરિજાપતિજી સાંભળી રહ્યા ને નંદલાલભાઈ આંખોમાં વહેતા આંસુ સાથે કહેતા રહ્યા... "બસ, મારા મેહુલને ઘેર ઘોડિયું બંધાય એ પછી મારી આંખો મીંચાય..." નંદલાલભાઈને ફરી ડૂમો ભરાઈ આવ્યો.

"મા પાસે માગે છે. આશુતોષ નથી આ." ગિરિજાપતિજીએ કહ્યું, "આકરી પરીક્ષા લેશે તારી."

"હું તૈયાર છું." નંદલાલભાઈએ કહ્યું, "જે કરવું પડે તે કરીશ. બસ, એક દીકરી..."

ગિરિજાપતિજીએ એમની વાત અડધેથી જ કાપી નાખી, "માની સામે મંદિરમાં બેઠો છે. વિચારીને બોલજે. આ તો હજરાહજુર છે. એકવાર તથાસ્તુ કહી દેશે પછી પાછું નહીં ઠેલાય."

"નહીં ઠેલું." નંદલાલભાઈ પણ આજે જાણે જગતજનની સામે હઠે ચડ્યા હતા, "સુખ-દુઃખ, માન-અપમાન ભૂલીને જે આવશે એને માના આશીર્વાદ તરીકે સ્વીકારી લઈશ, વચન આપું છું." એમણે કહ્યું હતું.

"ભલે." ગિરિજાપતિજીએ આશીર્વાદની મુદ્રામાં હાથ ઊંચો કરીને કહ્યું હતું, "એક એવા પ્રતાપી સાધુને તારે ત્યાં લઈને આવીશ જેના બોલ સીધા દેવને સંભળાય છે..." ગિરિજાપતિજીની આંખોમાં કોઈ અપાર તેજ ચમક્યું હતું, "મારા ગુરુ છે. જો એના આશીર્વાદ હશે તો તારે ઘેર સ્વયં મા પધારશે..." નંદલાલભાઈએ સાષ્ટાંગ દંડવત્ કરીને ગિરિજાપતિજીની ચરણરજ લીધી હતી.

એ પછી એક જ પખવાડિયામાં એમને ત્યાં ગિરિજાપતિજી પોતાના ગુરુને લઈને આવ્યા હતા.

નંદલાલ ધરમશીને ત્યાં આવેલા એક સાધુએ એમને એક હજાર આઠ શ્રીસૂક્તના પાઠ સાથે યજ્ઞ કરવાની સલાહ આપી. એમણે આશીર્વાદ આપ્યા કે સ્વયં લક્ષ્મી પોતાનો અંશ તમારે ત્યાં મોકલશે. બહુ ઝંખનાની, બહુ આરતની, બહુ માંગેલી અને લક્ષ્મીજીને વારંવાર પોતાને ત્યાં જન્મ લેવા કરગરીને, આમંત્રિત કરીને એના આશીર્વાદ સ્વરૂપે જન્મેલી આ દીકરીનું નામ

લક્ષ્મીદેવીના નામ પરથી પાડવું એવું નક્કી થયું. મેષ રાશિની આ દીકરીનું નામ 'અનિશા' પાડ્યું. લક્ષ્મીદેવીનાં એક હજાર નામમાંથી પસંદ કરવામાં આવેલા આ નામનો અર્થ, 'સતત પ્રજ્વલિત દીપશિખા' એવો થતો હતો. તેજ, ઉજાસ અને આનંદ લઈને આવેલી આ દીકરીના નામનો બીજો અર્થ અહિંસા, કરુણા, સ્નેહ અને કૃપા પણ થાય. આ છોકરી ઘરમાં જન્મ લેતાંની સાથે પોતાનું નસીબ લઈને આવી હતી. જેમ અનિશા મોટી થતી ગઈ તેમ આ ઘરની સમૃદ્ધિ અને શાખ વધતાં ગયાં... અનિશાના દાદાજી નંદલાલ ધરમશી હવે દૃઢપણે એવું માનતા હતા કે સાક્ષાત્ લક્ષ્મીદેવી પોતાનો અંશ લઈને આ ઘરમાં અવતર્યાં હતાં.

અનિશા જન્મી ત્યારે પરિવાર શ્રીમંત હતો, પરંતુ અનિશાના જન્મ પછી જે પ્રગતિ થઈ એ માની ન શકાય એવી અને એટલી ઝડપી હતી. થોડાંક વર્ષોમાં નંદલાલ ધરમશીના પરિવારની ગણતરી દેશના ગણ્યા-ગાંઠ્યા અગ્રણી પરિવારોમાં થવા લાગી. સત્તર વર્ષમાં તો નવો બંગલો, અનેક મોંઘી ગાડીઓ અને નોકર-ચાકર સાથે ધરમશી પરિવાર જ્વેલરી બિઝનેસના શિરમોર ગણાવા લાગ્યા. દેશના સૌથી વધુ ટૅક્સ ચૂકવનારા પ્રામાણિક અને અમીર પરિવારોમાંનો એક બની ગયો ધરમશી પરિવાર. રાજકોટની મૂળ દુકાન પછી જામનગર, પોરબંદર, અમદાવાદ અને મુંબઈમાં પણ નંદલાલ ધરમશીની દુકાનોની બ્રાન્ચ હવે ધમધમી રહી છે.

અનિશાનો ચહેરો જોયા વિના દાદાજી પેઢીએ જતા નહીં. એ એટલી વહાલી હતી કે જૂનો બંગલો જે નંદલાલ ધરમશીના પિતાના નામે 'નાગરદાસ નિવાસ' હતો તે તોડીને ત્યાં નવો બંગલો બાંધ્યો, એનું નામ પણ 'અનિશા' પાડવામાં આવ્યું. માત્ર નંદલાલ ધરમશીના ઘરમાં જ નહીં આખા મહેતા ખાનદાનમાં, રાજકોટના આદરણીય પરિવારો અને સોની બજારમાં સહુ જાણતા કે અનિશાના હાથે લાભપાંચમનું મુહૂર્ત કર્યા પહેલાં પાંચમાંથી એકેય દુકાનમાં જો ગ્રાહક આવે તો નંદલાલ ધરમશીની દુકાન કરોડોનો સોદો પણ પાછો ઠેલી શકે!

જો કે, કરોડોનો સોદો પાછો ઠેલી શકે એ નંદલાલ ધરમશીની પેઢીને હવે પોષાય એમ છે, કારણ કે ભારતના મોટા અને વિશ્વસનીય જ્વેલર્સમાં નંદલાલ ધરમશીની કંપનીનું નામ ચાર પેઢીથી આદર અને સન્માનનું હકદાર રહ્યું હતું, પરંતુ હવે મિનિસ્ટર્સ, ફિલ્મસ્ટાર્સ અને મોટામોટા ઇન્ડસ્ટ્રિયાલિસ્ટ્સ એમના નામના હૉલમાર્કથી જ આંખ મીંચીને ચેક ફાડી આપે એવી એમની શાખ ઊભી થઈ શકી છે. એમના દીકરા મેહુલ ધરમશી અને અતુલ ધરમશી પિતાની સાથે એમના પારિવારિક બિઝનેસને આગળ ધપાવી રહ્યા છે. સૌથી નાનો દીકરો રાહુલ બેતાલીસ વર્ષનો છે. એણે લગ્ન નહીં કરવાનું નક્કી કર્યું છે. સારો એવો આગ્રહ અને દબાણ કર્યા પછી હવે પરિવારે પણ એનો નિર્ણય સ્વીકારી લીધો છે. રાહુલ અમદાવાદ અને મુંબઈનો બિઝનેસ સંભાળે છે. જુહૂના જે.વી.પી.ડી. સ્કીમના નવમા રસ્તા પર ડુપ્લેક્સ ફ્લૅટમાં રાહુલ એકલો રહે છે. અનિશા માટે એના 'કાકુ' એના હીરો છે, ને કાકુ માટે અનિશા એનો પહેલો અને આખરી પ્રેમ! ચાર પેઢી પછી જન્મેલી દીકરીને હાથમાં લઈને રાહુલે કહ્યું હતું, "લેખાભાભી, તમે ભલે એને જન્મ આપ્યો, પણ આ મારી દીકરી છે. ઉછેરશો તમે, પણ એને લાડ લડાવવાનો, બગાડવાનો અને મોંએ ચઢાવવાનો અધિકાર મારો એકલાનો છે."